સ્વામીનારાયણ ગુરુકુળ સ્કૂલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

દિગંબર જૈન સમાજના પર્યુષણ મહાપર્વનું સમાપન

દસ ઉપવાસી તપસ્વીઓને સન્માનવામાં આવ્યા : ક્ષમા યાચના કાર્યક્રમમાં એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવ્યાં : સોમવારે સવારે ભગવાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૨૧માં મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર ખાતે દિગંબર જૈન સમાજના પર્યુષણ મહાપર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મુનિ પ્રભાવસાગરજી મહારાજ તથા પ્રસિધ્ધ સાગરજી મહારાજના સાંનિધ્યમાં તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

દિગંબર જૈન સમાજના પર્યુષણનો છેલ્લો દિવસ રવિવારે છે. શનિવારની સંધ્યાએ દિગંબર જૈન સમાજના પ્રમુખ, મંત્રી, ઉપપ્રમુખ તથા વિતરાગ યુવક મંડળ અન મહિલા મંડળ દ્વારા મહાપર્વની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુનિ પ્રભાવસાગરજી મહારાજ તથા પ્રસિધ્ધસાગરજી મહારાજના સાંનિધ્યમાં દસ ઉપવાસી તપસ્વીઓનું શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના દિગંબર જૈન સમાજના અશિત નિતિનભાઈ શાહ, અક્ષિતા નિતિનભાઈ શાહ, પિન્કી મેહુલ જૈન, અલિશા અશોકભાઈ શાહ, જીજ્ઞાબેન જયેશભાઈ કોટડિયા, પ્રફુલ્લાબેન જીતુભાઈ શાહ તથા મહાવીર જૈને દસ ઉપવાસ કર્યા હતા.

રવિવારે પર્યુષણ મહાપર્વના સમાપન પ્રસંગે ક્ષમાયાચના કાર્યક્રમનું પણ આયોજન દિગંબર જૈન સમાજ, વિતરાગ યુવક મડંળ તથા મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. પર્યુષણના સમાપન બાદ સોમવારે સવારે ભગવાનની શોત્રાયાત્રા મુનિ સંઘના સાંનિધ્યમાં યોજવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં દિગંબર જૈન સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ તથા અન્ય સભ્યો જોડાશે. દિગંબર જૈન સમાજ દ્વારા આ સાથે દિવાળી પર્વ બાદ મુનિસંઘના સાંનિધ્યમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર દસ દિવસીય 'સર્વોસ્યભદ્ર વિધાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વિધાનમાં ખૂબ મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ ભાગ લેશે.

રવિવારે સાંજે યોજાયેલ ક્ષમા યાચના કાર્યક્રમમાં જૈન ભાવિકોએ એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવ્યા હતા. આ સાથે તેમણે પર્યુષણ મહાપર્વે એકબીજાના ક્ષેમકુશળતા અંગે પૃચ્છા કરી હતી તેમજ ઉપવાસીઓના પારણાંના પણ આયોજન કરવામાં આવ્યા હતાં.

@ગાંધીનગર

● સે-૭ ચૌધરી કોલેજમાં રેડક્રોસ સોસાયટી દ્વારા સવારે ૯ કલાકે થેલેસેમિયા ચેક અપ કેમ્પ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

વિનાયક યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-પ-બી વિનાયક ચોક ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાન્સ, ગીત, મીમીક્રીના કાર્યક્રમો રજુ થયા હતા જયારે રમત ગમત સ્પર્ધામાં ૩૦ મી. દોડ, દોરડા કુદ, ચેસ, આંધળાનો ગોળીબાર, કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી સહિત જી-૩ સાયકલ ક્લબના ઉપક્રમે સ્લો સાયકલ રેસ તેમજ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતો હાજર રહ્યા હતાં.

અડાલજ ખાતે તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર પાસેના અડાલજ ખાતે શ્રી મહાકાલી મિત્ર મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ચાર વર્ષથી તમામ સ્કૂલોના પ્રથમ ક્રમાંક ધરાવતા વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવે છે. તાજેતરમાં પણ આ મિત્રમંડળ દ્વારા અડાલજ મુકામે ડૉ. હિમાંશુભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, જયેશભાઈ પટેલ અને પી.આઈ. પંડ્યા સાહેબની ઉપસ્થિતિમાં અડાલજની તમામ શાળાઓના પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થનાર બાળકોનો ઈનામ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ પ્રસ્તુત કર્યા હતા.

વાવોલમાં ગણેશ ઉત્સવનું સમાપન

રવિવારે ગણેશોત્સવનું સમાપન થતા શ્રદ્ધાળુઓએ વિઘ્નહર્તાની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું. વાવોલ ખાતે ભગવાનસિંહ ગોલના નિવાસસ્થાને સ્થાપન કરાયેલ ગણેશજીનું પણ વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન અગાઉ ગામના સરપંચ કમલેશજી ગોલ દ્વારા ગણપતિ દાદાની પૂજા-આરતી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ગણેશ ઉત્સવમાં ગુજરાતી ફિલ્મ સ્ટાર વિક્રમ ઠાકોર પણ પધારી આરતી કરી ચૂક્યા હતા. વિસર્જન યાત્રામાં સમગ્ર ગોલ પરિવાર સહિત ગામના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

નેશનલ હાઈવે પરથી રિક્ષામાં બિયરની થતી હેરાફેરી પકડાઈ

બંધ બોડીની રીક્ષામાં બિયરનો જથ્થો ભરીને જતો શખ્સ લીંબડીયા પાસેથી ઝડપાયો : રૂ. ૮૯ હજારના મુદ્દામાલ સાથે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૨૭

નેશનલ હાઈવે નં-૮ પરથી બંધ બોડીની લોડીંગ રિક્ષામાંબિયરના જથ્થાની હેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે વોચ ગોઠવીને રિક્ષા પકડી પાડી હતી. લીંબડીયા કેનાલ પાસેથી ૪૫૬ નંગ બિયરના ટીનના જથ્થા સાથે બુટલેગરને ઝડપી લઈને ડભોડા પોલીસે તેની ધરપકડ કરી લઈ રૂ. ૮૯ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યોછે.

ડભોડા પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. પી.જે. સોલંકીએ બાતમીને આધારે ગઈ કાલે સાંજે નેશનલ હાઈવે નં. ૮ લીંબડીયા નર્મદા કેનાલ પાસે દારૂ-બિયરની હેરાફેરી કરતી રિક્ષા પકડવા વોચ ગોઠવી દીધી હતી. કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ સહિતની ટીમ વોચ પર હતી તે દરમિયાન બાતમી વાળી બંધ બોડીનીલોડીંગ રિક્ષા નં. જીજે ૧ વી.વી. ૪૩૮૫ ત્યાંથી પસાર થતા ઉભી કરાવી દીધી હતી. રિક્ષામાં તપાસ કરતાં અંદરથી ૪૫૬ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૬૮૪૦૦ની કિંમતનો બિયર, એક મોબાઈલ અને રિક્ષા મળીને કુલ રૂ. ૮૮,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈને હેરાફેરી કરી રહેલા કુબેરનગર અમદાવાદના બુટલેગર નંદુ કનૈયા છેવાણીની ધરપકડ કરી લીધી હતી. બિયરનો જથ્થો ક્યાંથી લવાયો હતો અને ક્યાં મુકવાનો હતો તે સહિતની પુછપરછ ડભોડા પોલીસે શરુ કરી છે.

જમીયતપુરા કેનાલમાં એક યુવાનનો તરતો મૃતદેહ દેખાયો

અડાલજ પોલીસે જઈને તપાસ કરી ત્યાં સુધીમાં બીજા પોલીસ સ્ટેશનની હદમાં મૃતદેહ તણાઈ જતા ટીમ પાછી ફરી...!

ગાંધીનગર, તા.૨૭

જિલ્લાની અડાલજ પોલીસને બપોરના અરસામાં ફોન આવ્યો કે જમીયતપુરા નર્મદા કેનાલમાં બિનવારસી યુવાનનો તરતો મૃતદેહ દેખાય છે. જેને આધારે પોલીસ ઘટના સ્થળ પર પહોંચી પરંતુ મૃતદેહ તણાઈને થોડો દુર જતો રહ્યો એટલે પોલીસની હદ બદલાઈ ગઈ..! ને અડાલજ પોલીસ પણ હદ બદલાઈ ગઈ એટલે પાછી ફરી ગઈ હોવાની વિગતો ધ્યાને આવી છે.

પોલીસને હવે કેનાલમાંથી મૃતદેહ નિકાળવામાં પણ હદ નડી રહી હોય તેમ એક પોલીસ સ્ટેશનની હદમાંથી બીજા પોલીસ સ્ટેશનની હદમાં તણાઈને મૃતદેહ જતો રહેતા તેને બહાર નિકાળવાનો રસ પણ પોલીસે ન દાખવ્યો હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. આજે બપોરના અરસામાં જમીયતપુરા નર્મદા કેનાલમાં અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ હોવાનો મેસેજ મળતા અડાલજ પોલીસ નોકરીનાં ભાગરૂપે બનાવ સ્થળે પહોંચી હતી. અડાલજ પોલીસની હદ વટાવીને તે બિનવારસી યુવાનનો મૃતદેહ કેનાલના પાણીમાં તણાઈને સ્હેજ આગળ જતો રહ્યો...! બસ, પોલીસે કહી દીધું કે હવે આપણી હદમાં નથી... બીજી પોલીસને મેસેજ મળશે ત્યારે મૃતદેહ નિકાળવા પણ બીજી પોલીસ જ આવશે. બપોરથી તણાઈ રહેલા બિનવારસી યુવાનના મૃતદેહને નિકાળવામાં પણ ન આવ્યો. કદાચ તેના પરીવારજનો રડી રડીને તેની શોધખોળમાં અડધા થઈ ગયા હશે પંરતુ અહીં તો પોલીસ સ્ટેશનની હદનો સવાલ ઉભો કરીને સ્થળ છોડીને પોલીસે ચાલતી પકડતા ગ્રામજનોએ પણ ફીટકારની લાગણી વ્યકત કરી હતી.

યુવાનોએ વિદેશ વસવાટના અનુભવો વર્ણવ્યા

ગાંધીનગરની રોટરી કલબ દ્વારા યુથ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદેશ જઈ આવેલા યુવાનોના અનુભવો સાંભળવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જર્મની ખાતે રહી આવેલ સત પટેલ તથા ક્રિશ્ના પટેલ અને ડેન્માર્ક ખાતે રહી આવનાર વત્સલ પટેલ તથા પૂજા પટેલના વિદેશ વસવાટના અનુભવો પ્રેઝન્ટ કરવામાં આવ્યા હતાં.

સ્વામીનારાયણ ગુરુકુળ સ્કૂલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ સે-૨૩ દ્વારા શિક્ષણની સાથે અનેક સામાજીક સેવાભાવી કાર્યો પણ કરવામાં આવે છે જે સમાજ અને નગરજનો માટે લોકઉપયોગી બની રહે છે. આજ રોજ સ્વામિનારાયણ ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન અને સિવિલ હોસ્પિટલના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોએ મોટી સંખ્યામાં રકતદાન કરતા ૭૦ બોટલ રકત એકત્ર થયું હતું.

સ્વામીનારાયણ ગુરુકુળન ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ સત્સંગ હોલ સે-૨૩ ખાતે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાયો હતો. જેમાં સ્વામિનારાયણ ગુરુકુળ ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામી, અક્ષર સ્વામી તેમજ અન્ય સંતોએ રકતદાન કરી યુવા પેઢીને પ્રોત્સાહિત કરી હતી. જયારે વિદ્યાર્થી સંગઠનના વિદ્યાર્થીઓ તેમજ અન્ય શહેરીજનોએ પણ મોટી સંખ્યામાં રકતદાન કર્યું હતું. એકત્ર થયેલ તમામ રકત સિવિલ હોસ્પિટલ ગાંધીનગરને આપવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

સેકટર-૮ના બગીચામાં વસાહતીઓ દ્વારા દસ દિવસીય ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે છેલ્લા દિવસે ડી.જેના તાલે ગણેશજીનું વિસર્જન ધામધૂમથી કરવામાં આવ્યું હતું.

વાતવાતમાં

● રવિવારે નગરમાં ગણેશ વિસર્જન માટે શ્રધ્ધાળુઓ વ્યસ્ત રહ્યા હતા. આમ તો દર વર્ષે ધોળેશ્વર મહાદેવ વિસર્જન માટે પસંદગીનું સ્થળ રહે છે પરંતુ ચાલુ વર્ષે અહીં પાણીના અભાવે શ્રદ્ધાળુઓએ કરાઈ ખાતે ગોબળેશ્વર મહાદેવની પસંદગી કરી હતી. જો કે ગણેશ વિસર્જનની સાથે સાથે નદીના પટમાં ગંદકી પણ વિશેષ પ્રમાણમાં જોવા મળી હતી.

● સવારે અંબોડ ખાતે ભાદરવી પૂનમના દર્શનાર્થે જવા પગપાળા સંઘ નીકળ્યો હતો આ સંઘ સાથેના માતાજીના રથમાંથી મોટા અવાજે વગાડાતા ગરબા રાહદારીઓ તથા વાહનચાલકોનું ધ્યાન ખેંચતા હતા.

● સે-૨૧ના સરકારી કલ્પતરુ પેટ્રોલ પંપ પર ઘણા સમયથી હવા ભરવાની સુવિધા ઉપલબ્ધ નથી. સરકારી નિયમોનો ઠેબે ચડાવતા આ પંપે વાહનોની એન્ટ્રી માટેનું બોર્ડ માર્યું છે ત્યાંથી વાહનોની એકિઝટ કરવામાં આવે છે અને વિરુદ્ધ દિશામાંથી પ્રવેશ કરાવાય છે.

● સે-૨૩ના સીએનજી પંપને રોડ પર કોઈ ડિવાઈડર કટ મળ્યો ના હોવાથી તમામ વાહનચાલકોને ફરજીયાત રોંગ સાઈડ ચલાવીને લઈ જવાની ફરજ પડે છે.

● ગાંધીનગરના પત્રકારો માટે સોમવારથી આર્ટ ઓફ લીવીંગના બેઝીક કોર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. ધ્યાન-યોગના આ કોર્ષ માટે ખાસ બેંગ્લોરથી પ્રશિક્ષક આવી રહ્યાં છે. કોર્સ કરીને હકારાત્મક પત્રકારત્વને વધુ સારી રીતે ખિલવશે તેવી આશા સેવાઈ રહી છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ચાલી રહેલ સ્કૂલ ઓફ ડાન્સના ત્રણ મહિના માટેનો કલાસિકલ ડાન્સનો વર્કશોપ પૂર્ણ થતા હવે ફોક અને વેસ્ટર્ન ડાન્સનો ત્રણ મહિના માટેનો વર્કશોપ શરૂ થશે અને કોર્ષના અંતે સ્ટેજ પરફોર્મન્સ રજુ થશે. રસપ્રદ વાત એ છે કે કલાસિકલ ડાન્સમાં આ વર્ષે છોકરાઓએ પણ રસ દાખવી ડાન્સ શીખ્યો હતો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

બલરામ ભવન ખાતે યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

આરોગ્ય ભારતી સંસ્થા અને નેસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા યોગ શિબિરનું આયોજન ૨જી ઓકટોબર ૨૦૧૫થી નિયમિત બલરામ ભવન સેકટર-૧૨ ખાતે સાંજે ૬ થી ૮ દરમિયાન કરવામાં આવ્યું છે. આ શિબિરનો મુખ્ય હેતુ ડાયાબીટીશ મુકત ભારત છે. અભિયાનમાં સૌ નગરજનોને જોડાવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કૃષિ ક્ષેત્રે ક્રાંતિ, દેશી લીંબુ સામે બીજ વગરના મોટા લીંબુ બારેમાસ ઉપલબ્ધ

ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગર નજીક ઉત્પાદન, ઈન્ડોનેશિયન લાઈમ તરીકે ઓળખાતા આ લીંબુ

ગાંધીનગર, તા.૨૭

ખાટા ફળોમાં લીંબુ મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં લગભગ બધે જ ઓછા વત્તા પ્રમાણમાં તેનું વાવેતર થાય છે. સાધારણ પણે ગુજરાતમાં ઉનાળામાં લીંબુની માંગ વધારે હોય છે. જેમાં ઘણી વખત લીંબુની મોટા પાયે અછત સર્જાતી હોય છે. પરંતુ કૃષિ ક્ષેત્રે આવેલી ક્રાંતિમાં દેશી લીંબુ સામે બીજ વગરના મોટા લીંબુ હવે બારે માસ ઉપલબ્ધ બન્યા છે. જેથી હવે લીંબુની અછત સર્જાશે નહીં અને વધુ રસવાળા બીજ વગરના લીંબુ સરળતાથી મળી રહેશે. ગાંધીનગર નજીક ધણપ પાસે એક નર્સરીમાં ગુજરાતમાં સૌ પ્રથમ આ લીંબુનું ઉત્પાદન શરુ કરવામાં આવ્યું છે અને વપરાશકારોમાં પણ આ લીંબુની માંગ દિન પ્રતિદિન વધી રહી છે.

ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં વ્યવસાયિક ધોરણે લીંબુની ખેતી કરવામાં આવે છે. લીંબુના પાકને સપ્રમાણ ઠંડી અને ગરમીવાળુ હવામાન વધુ માફક આવે છે. પરંતુ આ દેશી લીંબુના ઉત્પાદનની સામે બીજ વગરના (સીડલેશ) લીંબુને તમામ વાતાવરણ અનુકુળ રહે છે અને મોટા ફળ સાથે બારે માસ ઉત્પાદન થાય છે. ભારતમાં વવાતી અન્ય જાતો કરતાં આ સીડલેસ લીંબુની ઉત્પાદન ક્ષમતા ઘણી વધારે છે. વધુમાં બીજ વગરના લીંબુની શેલ્ફ લાઈફ વધારે હોવાથી લાંબા સમય સુધી તેનો સંગ્રહ કરી શકાય છે અને તે તાજા રહી શકે છે. સીડલેશ લીંબુની સાઈઝ અન્ય લીંબુ કરતા ૨૦ ગ્રામ વધુ હોય છે. પ્રથમ વર્ષથી જ તેનું ઉત્પાદન શરૂ થઈ જતાં નફો વધારે મળે છે અને આ લીંબુના વૃક્ષનું આયુષ્ય અન્ય લીંબુના વૃક્ષ કરતાં પાંચ વર્ષ વધુ હોય છે. લીંબુમાં સાઈટ્રીક એસીડનું પ્રમાણ ખુબ જ વધારે હોય છે અને આ લીંબુ ઈન્ડોનેશિયન લાઈમ તરીકે ઓળખાય છે અને તેની આયાત કરાય છે.

સીડલેસ લાઈમ (લીંબુ)નો ઉપયોગ અથાણા, શરબત, જયુસ, જેલી, માર્મલેડ, લીંબુના ફુલ, વિનેગાર, લેમન ટી, પાંડદા ફ્રેગરન્સ માટે ચામાં, વાનગીઓમાં, શેમ્પુ, સૌંદર્ય પ્રસાધનમાં મહદ અંશે થતો હોય છે. વધુમાં આરોગ્ય માટે ઉપયોગી એવા આ લીંબુનો ઉપયોગ કફ, પિત્ત, વાયુ, ઉધરસ, ઉલ્ટી, શુળ, ત્રિદોષ, આમવાત, પેટના કૃમિ વગેરેમાં થાય છે. વપરાશકારોમાં ખુબ જ ઉપયોગી અને સસ્તા આ લીંબુનું ઉત્પાદન ગાંધીનગર નજીક ધણપ પાસે બાલતરૂ નર્સરીમાં થાય છે અને આ લીંબુના છોડ પણ અહીં ઉપલબ્ધ છે. કૃષિ ક્ષેત્રે ક્રાંતિ ગણાતી આ લીંબુ ખેતી ગુજરાતમાં સૌ પ્રથમ શરૂ થઈ છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

લીંબોદરા પી.પી.આર. શાહ હાઈસ્કુલ ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ લીંબોદરા ગામની પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લીંબોદરા પી.પી.આર. હાઈસ્કુલ ખાતે યોજાયેલ જ્ઞાનસપ્તાહ અંતર્ગત વર્ગખંડો, મેદાનની સફાઈ, ગુજરાતી-અંગ્રેજી સુલેખન, સમુહમાં ઘડીયા ગાન કાર્યક્રમ, દેશભકિત ગાન, રંગોળી સ્પર્ધા વર્ગ સુશોભન, સ્વયં શિક્ષક દિનની ઉજવણી, વૃક્ષારોપણ સહિત વ્યસન મુકિતની રેલી ગામમાં કાઢી હતી. વધુમાં નિવૃત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જયારે વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સન્માન કરી આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો, શિક્ષકગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન બળદેવભાઈ નાયીએ કર્યું હતું.

ચિરવિદાય

● સ્વ. નર્મદાબેન છોટાલાલ સુથાર, ઉ.વ. ૯૮